ચેન્નાઈ રેલ્વે સ્ટેશન પર બ્લાસ્ટ

ચેન્નાઈ,તા. ૧

યાત્રીઓથી હંમેશા ભરચક રહેતા ચેન્નાઈ સેન્ટ્રલ રેલવે સ્ટેશન પર આજે સવારે ગુવાહાટી-બેંગ્લોર એક્સપ્રેસમાં બે બોગીમાં થયેલા મિનિટોના ગાળામાં જ બે બોંબ બ્લાસ્ટના પરિણામ સ્વરુપે એક મહિલા યાત્રીનું મોત થયું હતુ અને અન્ય ૧૧ લોકો ઘાયલ થયા હતા જે પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. મૃત્યુ પામનાર મહિલાની ઓળખ કરી લેવામાં આવી છે. આ મહિલા ટીસીએસની કર્મચારી સ્વાતિ હતી અને તેના ટૂંક સમયમાં જ લગ્ન થનાર હતા. ૨૨ વર્ષીય ટીસીએસની કર્મચારી ટ્વિન બોંબ બ્લાસ્ટનો શિકાર થઈ હતી. બે મહિનામાં જ તેના લગ્ન થનાર હતા. પોલીસે સમગ્ર મામલામાં એક શકમંદની ધરપકડ કરી છે. તપાસ સંસ્થાઓ દ્વારા તેની પુછપરછ ચાલી રહી છે. બેંગ્લોરથી પહોંચેલી આ ટ્રેન સવારે ૭.૫ મિનિટ રેલવે સ્ટેશન ઉપર ૧૦ મિનિટ માટે રોકાઈ હતી. રેલવે પ્રધાન મલ્લિકાર્જુન ખડગે દ્વારા આ બનાવ અંગે દુખ વ્યક્ત કરવામાં આવ્યું છે અને આ મામલામાં તપાસના આદેશ કરાયા છે. ઓછીરીતે ઘાયલ થયેલા લોકોને પાંચ પાંચ હજાર રૂપિયા પણ આપવામાં આવ્યા છે. બે બ્લાસ્ટ થતા દેશભરમાં ફરી ખળભળાટ ફેલાવી ગયો હતો. સમગ્ર મામલામાં પોલીસ દ્વારા ઉંડી તપાસ હાથ ધરવામાં આવી હતી. પ્રાથમિક અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે બ્લાસ્ટ પ્લેટફોર્મ નંબર નવ પર બેંગલોર-ગુવાહાટી એક્સપ્રેસના એસ-૪ અને એસ-૫ બોગીમાં થયા હતા. બે બ્લાસ્ટના કારણે ભારે ભાગદોડ મચી ગઈ હતી. સાથે સાથે દહેશત પણ ફેલાઈ ગઈ હતી. આ બ્લાસ્ટમાં મૃત્યુ પામનારમાં એક મહિલાનો સમાવેશ થાય છે. ઘાયલ થયેલા ૧૧ લોકો પૈકી પાંચની હાલત ગંભીર જણાવવામાં આવી છે. બ્લાસ્ટના કારણમાં તપાસ કરવામાં આવી રહી છે. તપાસ સંસ્થા ત્રાસવાદી દ્વારા કૃત્યની શક્યતા નકારી રહી નથી. રાહત અને બચાવ ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. તપાસ જગ્યાએ સુરક્ષા વ્યવસ્થા વધારી મજબુત કરી દેવામાં આવી હતી. બ્લાસ્ટમાં ઘાયલ થયેલા તમામ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. બ્લાસ્ટના કારણે ટ્રેન સેવાને થોડાક સમય માટે રોકી દેવામાં આવી હતી. સ્ટેશન પર ભારે ભાગદોડ મચી ગઈ હતી. પ્લેટફોર્મ નંબર નવને યાત્રીઓ માટે તરત જ બંધ કરીને વધુ તપાસ અને ચકાસણી હાથ ધરવામાં આવી હતી. રેલવે મંત્રાલયના પ્રવકતાએ માહિતી આપતા કહ્યું હતું કે ટ્રેન સંખ્યા ૧૨૫૦૯ બેંગલોર-ગુવાહાટી એક્સપ્રેસ ટ્રેન સવારે સાત વાગીને પાંચ મિનિટ પર ચેન્નાઈ સેટ્રલ પર પહોંચી હતી. ત્યારબાદ તેની બે બોગીમાં બ્લાસ્ટ થયા હતા. તમામ ઘાયલ થયેલા યાત્રીઓને સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ બ્લાસ્ટમાં મૃત્યુ પામેલી મહિલાને એક લાખ રૂપિયા અને ઘાયલ થયેલા ૨૫-૨૫ હજાર આપવાની જાહેરાત તંત્ર દ્વારા તરત જ કરવામાં આવી હતી. તમામ સુરક્ષા સંસ્તાઓ દ્વારા તપાસ ચાલી રહી છે. કોઈ ત્રાસવાદી કૃત્ય છે કે કેમ તેની ખાતરી કરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. બ્લાસ્ટના સ્વરૂપમાં પણ તપાસ કરવામાં આવી રહી છે.મોતનો આંકડો વદે તેવી શક્યતા છે. કારણ કે ઘાયલ થયેલા યાત્રીઓ પૈકી કેટલાકની હાલત ગંભીર છે. હાલમાં આ પ્રકારનો પ્રથમ બનાવ છે.

ચેન્નાઈમાં બે બ્લાસ્ટ બાદ દેશમાં હાઈ એલર્ટ જાહેર

ચેન્નાઈ,તા. ૧

ચેન્નાઈ રેલવે સ્ટેશન ઉપર મિનિટોના ગાળામાં જ બે બ્લાસ્ટ થયા બાદ દેશભરમાં રેડએલર્ટની જાહેરાત કરવામાં આવી છે અને સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. ભરચક રહેતા તમામ સ્થળો ઉપર સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે. સુરક્ષા વ્યવસ્થાના પરિણામ સ્વરુપે દેશભરના વિમાન મથકોને પણ હાઈએલર્ટ ઉપર રાખવામાં આવ્યા છે. લખનૌ સહિત દેશમાં અન્ય મોટા શહેરોમાં હાઈએલર્ટની જાહેરાત કરવામાં આવી છે. ચેન્નાઈમાં બ્લાસ્ટના અનુસંધાનમાં નવી દિલ્હીમાં હાઈસિક્યુરિટી રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. કેન્દ્રીય પ્રધાન અધિરરંજન ચૌધરીએ કહ્યં છે કે ફુલપ્રુફ સુરક્ષાની બાબત ખુબ મુશ્કેલ છે પરંતુ પુરતી સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. દેશના તમામ મોટા રેલવે સ્ટેશનો ઉપર સુરક્ષા વધારવામાં આવી છે. બસ સ્ટેન્ડ, ભરચક રહેતા બજારો, ધાર્મિક સ્થળો ઉપર પણ સુરક્ષા વધારવામાં આવી છે. દિલ્હી પોલીસના પ્રવક્તા રંજન ભગતે પણ આ અંગેની કબૂલાત કરી છે. તેમણે કહ્યું છે કે, સાવચેતીના તમામ પગલા લેવાઈ રહ્યા છે. ચેન્નાઈ રેલવે સ્ટેશન ઉપર ટ્વિન બ્લાસ્ટના પરિણામ સ્વરુપે ભાળે ખળભળાટ મચી ગયો હતો. કાયદો અને વ્યવસ્થાની સ્થીતીની સમીક્ષા પણ કરવામાં આવી છે.

દિગ્વિજય ઉપર ઉમા ભારતીના તીવ્ર પ્રહાર

નવી દિલ્હી,તા.૧

દિગ્વિજયસિંહની મહિલા સાથેના સંબંધ મામલે કબૂલાત કરવામાં આવ્યા બાદ ભાજપના નેતાઓમાં આક્ષેપો તેમના ઉપર શરૂ થઈ ગયા છે. હવે ઉમા ભારતીએ દિગ્વિજયસિંહને ટાર્ગેટ બનાવીને અંગત રીતે આક્ષેપો કર્યા છે. ઉમા ભારતીએ આક્ષેપ કરતા કહ્યું છે કે, તાજેતરમાં જ મૃત્યુ પામેલા પત્નિની આત્માને શાંતિ મળે તે પહેલા જ દિગ્વિજયે અન્ય મહિલાઓ સાથે સંબંધોની વાત કરી છે. ઉમા ભારતીએ દિગ્વિજયના એક પત્રકાર સાથેના સંબંધો ઉપર ટિપ્પણી કરતા કહ્યું છે કે, દિગ્વિજયે પત્નિની રાખ ઠંડી થાય તેની પણ રાહ જોઈ નથી. પત્નિની ચીતા ઠંડી થાય તે પહેલા જ પોતાના સંબંધો જાહેર કરી દીધા છે. ભારતીનું કહેવું છે કે તેમના માતા અને તેમના પત્નિ પ્રવચન સાંભળવા માટે આવતા હતા. તેઓ પોતે તેમનું ખુબ સન્માન કરતા હતા. ઉમાએ કહ્યું હતું કે, ભારતીય સંસ્કૃતિની પરંપરા પણ દિગ્વિજયસિંહે જાળવી નથી. પત્નિના મૃત્યુને એક વર્ષનો પણ સમય થયો નથી.

વાઢેરાએ ૩ વર્ષથી કંપનીઓના કોઇ પણ હિસાબો આપ્યા નથી

નવીદિલ્હી, તા. ૧

વિવાદાસ્પદ જમીન સોદાઓને લઈને પ્રિયંકા ગાંધીના પતિ રોબર્ટ વાઢેરા પહેલાથી જ મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. હવે જાણવા મળ્યું છે કે, માર્ચ ૨૦૧૧થી રોબર્ટ વાઢેરાએ પોતાની ૧૩ કંપનીઓના વાર્ષિક રિટર્ન પણ કોર્પોરેટ બાબતોના મંત્રાલયમાં રજૂ કર્યા નથી. છેલ્લા ત્રણ વર્ષમાં કંપનીઓના હિસાબ વાઢેરા આપી રહ્યા નથી. વાર્ષિક વેતન ભરવાની બાબત ફરજિયાત હોવા છતાં આની અવગણના કરવામાં આવી રહી છે. એવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે કે, રોબર્ટ વાઢેરા જાણકારી નહીં આપીને પોતાની કંપનીઓની કેટલીક અન્ય માહિતીઓ પણ મિડિયાથી છુપાવવા ઈચ્છુક છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૦૧૧માં વાઢેરાના બિઝનેસ મોડલ અને જમીન સોદાઓને લઈને પ્રથમ વખત પ્રશ્નો ઉભા થયા હતા તે વખતે ડીએલએફથી લોન લઈને હરિયાણામાં વાઢેરાના જમીન ખરીદવા અને રાજસ્થાનમાં હજારો એકડ જમીન હાંસલ કરવાને લઈને વિવાદ થયો હતો. અલબત્ત આ બંને સોદાઓનો ઉલ્લેખ માર્ચ ૨૦૧૧ સુધી મંત્રાલયને મોકલવામાં આવેલા ફાયનાન્સિયલ સ્ટેટમેન્ટમાં કરવામાં આવ્યો હતો. ત્યારબાદથી વાઢેરાએ એક પણ વખત મંત્રાલયને કોઈ વિગત આપી નથી.

અભિનેત્રી દિયા મિર્ઝાએ પ્રેમી સાથે કરેલી સગાઇ

મુંબઈ,તા. ૧

અભિનેત્રી દિયા મિર્ઝાએ માઈક્રોબ્લોગિંગ સાઈટ પર કહ્યું છે કે તે તેના પ્રેમી અને બિઝનેસ પાર્ટનર સાહિલ સાંઘા સાથે સગાઈ કરી ચુકી છે. ૩૨ વર્ષીય પૂર્વ બ્યુટિ ક્વીન દિયાએ ન્યુયોર્કમાં સાંઘા સાથે તેના સંબંધોની સત્તાવાર જાહેરાત કરી હતી. આ અગાઉ અભિનેતા કુણાલ કપુર સાથે તેના સંબંધોની ભારે ચર્ચા રહી હતી પરંતુ દિયાએ હવે સ્પષ્ટતા કરી છ કે તે સગાઈ કરી ચુકી છે. સત્તાવાર રીતે સગાઈની વાત કર્યા બાદ હવે એવી ચર્ચા શરૂ થઈ ગઈ છે કે આ બન્ને બિઝનેસ પાર્ટનર ટુંક સમયમાં લગ્ન પણ કરી લેશે. દિયા ફિલ્મના નિર્માણમાં સામેલ થઈ ચુકી છે. તે હાલમાં એક ફિલ્મ બનાવી રહી છે. સગાઈ કરી લીધી હોવાની જાહેરાત કરવામાં આવ્યા બાદ દિયા પર અભિનંદનનો વરસાદ શરૂ થઈ ગયો હતો.

બન્નેને ફરી જેલમાં જવુ પડે તેવી સંભાવના

ટુજી કોંભાડ : ચાર્જશીટ બાદ કાનીમોઝી, રાજા સામે સંકટ

કરૂણાનિધીના પત્નિ દયાલુ અમ્મલ સહિત અનેકની સામે ચાર્જશીટ દાખલ થયા બાદ જેલની હવા ખાવી પડી શકે

નવી દિલ્હી,તા. ૧

ડીએમકેના વડા એમ. કરૂણાનિધીના પુત્રી કાનીમોઝી્ને પાર્ટીના સાંસદ એ. રાજાને ફરી જેલની હવા ખાવી પડી શકે છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) દ્વારા સમગ્ર દેશને હચમચાવી મુકનાર ટુજી કોંભાંડ કેસના સંબંધમાં તેમની સામે અને કરૂણાનિધીના પત્નિ દયાલુ અમ્મલ સહિત આઠ અન્યની સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવ્યા બાદ તમામની હાલત કફોડી બની ગઈ છે. તેમની સામે જેલ જવાનુ સંકટ તોળાઈ રહ્યું છે. પ્રવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટની કઠોર કલમો હેઠળ મુકવામાં આવેલા આરોપો આ એક્ટ હેઠળ આરોપીનો જામીન મળે તે માટેના સંકેત આપતા નથી. ગુનામાં આરોપી દોષિત નથી તેમ જો જજને સંતોષ થાય તો જ તેમને જામીન મળી શકે છે. કાનીમોજી પહેલાથી જેલમાં ૧૯૩ દિવસો ગાળી ચુકી છે. આ કેસના સંબંધમાં મે ૨૦૧૧માં જયુડિશયિલ કસ્ટડીમાં કાનીમોઝીને મોકલી દેવામાં આવ્યા હતા. ભ્રષ્ટાચાર અટકાયત ધારાની કલમ અને ઈન્ડિયન પીનલ કોડની જુદી જુદી કલમ હેઠળ સીબીઆઈ દ્વારા સમગ્ર મામલે તપાસ કરવામાં આવી હતી. રાજા મે ૨૦૧૨માં મુક્ત થાય તે પહેલા જેલમાં ૧૫ મહિનાનો સમય ગાળી ચુક્યા છે.

સુત્રોએ કહ્યું છે કે ખાસ પીએમએલએ કોર્ટ દ્વારા શુક્રવારના દિવસેઈડીની ચાર્જશીટની નોંધ લેવામાં આવશે. ત્યારબાદ આરોપીઓને સમન્સ જારી કરવામાં આવશે. ત્યારબાદ આરોપી લોકો જામીન માટેની અરજી કરી શકશે. જો કોઈ જામીન નહી મળે તો તેમને પરી જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દેવામાં આવશે. પીએમએલએની કલમ ૪૫(૧)(બી) (૨) મુજબ કોઈ આરોપી વ્યક્તિ આ એક્ટ હેટળ જામીન પર એ વખત સુધી છુટી શકે નહી જ્યાં સુધી પબ્લિક પ્રોસિક્યુટર દ્વારા જામીન અરજીનો વિરોધ કરાશે.ઈડી દ્વારા દાખલ કરવામાં આવેલી ચાર્જશીટમાં અન્ય કેટલાક મોટા માથા પણ છે.કાનીમોઝી અને રાજાની તકલીફ વધી શકે છે.

મોદીને પાકિસ્તાન મોકલી દેવાની જરૂર : લાલૂ

પટણા, તા. ૧

નરેન્દ્ર મોદી સામે પાકિસ્તાનના પ્રધાનના નિવેદનની ઝાટકણી કાઢતા આરજેડીના નેતા લાલૂ પ્રસાદ યાદવે કહ્યું હતુંકે, ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીને પણ પાકિસ્તાન મોકલી દેવા જોઈએ. પાકિસ્તાનમાં મોદીને મોકલી દેવામાં આવ્યા બાદ કોઈ ગુંચવણ રહેશે નહીં. પ્રસાદે કહ્યું હતું કે, મોદીને પાકિસ્તાન મોકલવાથી તમામ સમસ્યાઓનો ઉકેલ આવી જશે. તેમના લોકો પાકિસ્તાનમાં અન્ય લોકોને મોકલી દેવાની વાત કરી રહ્યા છે. આના બદલે મોદીને જ પાકિસ્તાન મોકલવાની જરૂર છે. જો મોદી વડાપ્રધાન બનશે તો પ્રદેશમાં અસ્થિરતા ઉભી થશે તેવા નિવેદન અંગે પ્રતિક્રિયા આપતા તેમણે આ મુજબની વાત કરી હતી. આચારસંહિતાના ભંગ બદલ મોદી સામે ચૂંટણી પંચે બે કેસ પણ નોંધી દીધા છે. લાલૂ યાદવ આજે લડાયક મુડમાં દેખાયા હતા.

સમાચાર ઝલક

- રાજયમાં લોકસભાની ચૂંટણીમાં ૯ જગ્યાએ મતદાનનો બહિષ્કાર થયો.
- જાસૂસીકાંડની તપાસ માટે વર્તમાન જજની નિમણૂંક તા.૧૬મી મે સુધી કરાશે.
- દેશમાં ચૂંટણીના કારણે મેનિયા-ડિપ્રેશનના કેસમાં વધારો.
- યુક્રેન મુદ્દે રશિયાએ હુમલો નહીં કરવાની ખાત્રી આપી છે.
- મતદારોની લાંબી લાઇનો જોઇને વિદેશી નાગરિકો અભિભૂત બન્યા.
- ભૂતપૂર્વ મુખ્યમંત્રી કેશુબાપાના સાળાના પુત્રની હત્યા કરાયેલી લાશ વડિયામાંથી મળી આવી.
- ગુજરાતમાં પરશુરામ જંયતિ ઉજવાઈ, બ્રહ્મ સમાજ દ્વારા વિવિધ જગ્યાએ શોભાયાત્રાઓ નીકળી.
- રાજયમાં ૪૮ સેશન્સ જજની બદલીઓ કરવામાં આવી.
- બીસીસીઆઇએ ભૂલ સુધારવાની જરૂર છે : સુનિલ ગાવસ્કર
- પેઇન કિલર દવા ખતરનાક સાબિત થઇ શકે છે.
- વરિષ્ઠ ફિલ્મ પત્રકાર-ફિલ્મ પ્રચારક નરહરિ વ્યાસનું દુઃખદ અવસાન.
- થોડાક દિવસોમાં કમરતોડ ડિઝલમાં લિટર દીઠ ૬નો વધારો કરવામાં આવશે.
- મધ્ય ભારતમાં દુકાળ અને અતિવૃષ્ટિનું જોખમ વર્તાય છે.
- ભચાઉ અને દુધઇમાં ભૂકંપનાં આંચકા, ગરમીની સાથે કંપનોની સંખ્યા વધી.
- આ વર્ષે સીંગતેલનું ઉત્પાદન ૭૦,૦૦૦ હજાર ટન થશે.
- ભારતની હાફૂસ કેરી પર ૧લી મેથી યુરોપિયન સંઘનો પ્રતિબંધ.
- સહારાના સુપ્રીમો જેલમાં ભયાનક ગરમીથી ત્રાસી ગયા, સુપ્રીમમાં આજીજી.
- લીંબુનાં ભાવમાં ખટાશ, કિલો એ રૂા. ૧૨૫ની સપાટી વટાવી.
- ગુજરાતમાં સ્થપાના દિનની ઉજવણી કરાઇ નહીં, સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા પણ રસ દાખવ્યો નહીં.

કેન્દ્રમાં ભાજપા... (પાના નં.૪ નું ચાલુ...)

મંગળથી પણ ઈશાન ખૂણો દૃષ્ટ્ર, તેથી લોહિયાળ ક્રાંતિ ના થાય તેનું ધ્યાન રાખવું પડશે. જીત મેળવવી અઘરી થઈ પડશે. મીનમાં ઉચ્ચના શુક્રની પ્રત્યંત્તર દશા કદાચ ફળદાયી રહે. ભારત વર્ષની રાજય વાર દિશા વાર ગણતરી : અલગઅલગ તારીખોએ ઝડપી ગ્રહો ત્વરીત પરિણામો આપે પરંતુ લાંબા ગાળાના ધીમી ગતિના ગ્રહો તો ચોક્કસ પરિણામો આપશે. ગોચર ગ્રહો બદલાશે એમ નજીવું ફળ બદલાશે બાકી મુખ્ય આધાર તો લાંબા ગાળાના ધીમી ગતિના ગ્રહો ઉપર જ છે.

ઉત્તર દિશામાં (કુલ-૯૩) : ઉત્તરપ્રદેશનો ઉત્તર ભાગ (૬૦), દિલ્હી (૭), ચંદીગઢ (૧), હરિયાણા (૧૦), હિમાચલ પ્રદેશ (૪) જમ્મુ કાશ્મીર (૬) ઉત્તરાખંડ (૫) : કુંડલીમાં ચોથે જન્મનો ગુરૂ વક્રી છે અને ગોચરના ગુરૂની પણ નવમી દૃષ્ટિ ચોથે ઉત્તર દિશામાં જન્મના ગુરૂ ઉપર તેથી કોઈ વડિલ વ્યક્તિ ગુરૂ સમાન - ના આશીર્વાદથી સફળતા મળે તેમ છે. ગુરૂના આશીર્વાદથી રુડું શું? આશીર્વાદ લઈ આગળ ઉત્તરના સીમાડા સુધી જીત હી જીત જ દેખાય છે. ૯૩ માંથી ૬૩ બેઠકો ઉપર પ્રભુત્વ ભાજપનું રહે.

મધ્ય ભારતમાં (કુલ-૪૦) : મધ્યપ્રદેશ (૨૯) અને છત્તીસગઢ (૧૧) : જન્મના મંગળ-ચંદ્ર, ગુરૂ, શનિ, શુક્ર મૂળભૂત ભાગ ભજવશે. તે દિવસની દિશાઓ ચંદ્રમા-રાહુમા-શુક્રની પ્રત્યંત્તર દશા ભાગ ભજવશે તેથી પરિણામમાં વાંધો નહીં આવે. ૪૦ માંથી ૨૦ બેઠકો ઉપર પ્રભુત્વ ભાજપનું રહે.

દક્ષિણ ભારત (કુલ-૧૩૧) : આંધ્ર પ્રદેશ (૪૨), તામિળનાડુ (૩૯), કર્ણાટક (૨૮), કેરળ (૨૦) દાદરા-નગર હવેલી (૧), પુડુચેરી (૧)માં જીતની શકયતા નકારી શકાય નહીં કારણ કે જાતકની કુંડળીમાં દક્ષિણ દિશામાં જન્મનો શુભ ગ્રહ શુક્ર છે. જેની પ્રત્યંતર દશા પણ તા. ૨૯/૦૪/૨૦૧૪ સુધી ચાલશે. ૧૩૧ માંથી ૭૦ બેઠકો ઉપર પ્રભુત્વ ભાજપનું રહેશે.

પૂર્વ ભારત (કુલ-૮૩) : પં. બંગાળ (૪૨), ઝારખંડ (૧૪), મણિપુર (૨) નાગાલેન્ડ (૧), ત્રિપુરા (૨), ઓરિસ્સા (૨૧) માં જન્મકુંડળીમાં લગ્નમાં રહેલા મંગળ-ચંદ્રની યુતિ બહુ મોટો ભાગ ભજવશે. છતાં ગોચર શનિથી અર્ધ પાપકર્તરીમાં સદર ભાવ આવી જાય છે. તેથી આ પ્રાંતમાં જીત મેળવવી અઘરી થઈ પડે. ૮૩માંથી ૪૨ બેઠકો ઉપર પ્રભુત્વ ભાજપમાં રહે.

દક્ષિણ-પશ્ચિમ દિશામાં (નૈતૃત્વ ખૂણામાં) (કુલ-૫૧) : મહારાષ્ટ્ર (૪૮), ગોવા (૨), લક્ષદ્વીપ (૧) માં પણ જીતની શક્યતા નકારી શકાય નહીં કારણ કે જાતકની કુંડળીમાં નેરુત્વ ખૂણામાં ગોચર ગુરૂનું ભ્રમણ ચાલે છે જે આકસ્મિક-અણધાર્યો લાભ કરાવી જાય તેમ બને આમ છતાં જન્મનો હર્ષલ જૂનું તોડી નવસર્જન કરે તે નિયમ મુજબ અગાઉ હોય તેનાથી કાંઈક નવું બને, પરિવર્તનનો પવન ફૂંકાય. ૫૧માંથી ૩૫ બેઠકો ઉપર પ્રભુત્વ ભાજપનું રહે.

ઉત્તર પશ્ચિમે વાયવ્ય ખૂણે (કુલ-૩૮) : રાજસ્થાન (૨૫), પંજાબ (૧૩) ના રણની ધગધગતા લાવા જેવી, વૈશાખી વાયરાની લૂ લાગતી ધરા ઉપર મેષનો ઉચ્ચનો ગોચરનો સૂર્ય ગોચર બુધ સાથે યુતિમાં, સત્તા, પદ, હોદ્દો અપાવ્યા વગર ના રહે પરંતુ વ્યવસ્થ ગોચર રાહુની સીધી દૃષ્ટિ ગોટાળા ના સર્જે તેનું ધ્યાન સતત રાખવું પડશે. તે જ રીતે ગોચર શનિની દૃષ્ટિ કોર્ટ કચેરીના ધક્કાના ખવડાવે તેનું ધ્યાન રાખવું પડશે. શનિની દૃષ્ટિને કારણે ધીમી છતાં મક્કમ ગતિએ મતદાન આગળ વધશે અને સાંજ સુધીમાં બાજીને જીત તરફ લઈ જશે. ગોચર ગુરૂ અને હર્ષલ પણ નેરુત્વ ખૂણે સારો ભાગ ભજવી જાય કારણ કે શુક્ર મીનમાં ઉચ્ચનો શુભ થાય છે. અલબત્ત જન્મનો રાહુ પાંચમે છે તેથી વિજય પતાકા લહેરાવવામાં કયાંય ગોટાળા ના કરે તેનું ધ્યાન-સાવચેતી રાખવી આવશ્યક છે. ૩૮માંથી ૩૦ બેઠકો ઉપર પ્રભુત્વ ભાજપનું રહે.

ઉત્તર-પૂર્વમાં ઈશાન ખૂણે (કુલ-૭૯) : બિહાર (૪૦), ઉ.પ્ર. નો ઈશાન ભાગ, (વારાણસી વગેરે) (૨૦), આસામ (૧૪), અરૂણાચલ (૨), મેઘાલય (૧)માં ગોચર વક્રી પ્લુટો ભાગ ભજવે છે. પ્લુટો ગોચર ગુરૂ તથા શનિથી દૃષ્ટ અને જન્મના હર્ષલથી પણ દ્રષ્ટ, વક્રી ગૌચર મંગળથી પણ ઈશાન ખૂણો દૃષ્ટ્ર, તેથી લોહિયાળ ક્રાંતિ ના થાય તેનું ધ્યાન રાખવું પડશે. અણધાર્યા આકસ્મિક ફેરફારો થાય, થાય, ઈશાન ખૂણે જીત મેળવવી અઘરી થઈ પડશે. ૭૯ માંથી ૨૫ બેઠકો ઉપર પ્રભુત્વ ભાજપમાં રહે.

પૂર્વ - દક્ષિણ દિશામાં અગ્નિ ખૂણામાં (કુલ ૧) : આંદામાન નિકોબાર (૧) ટાપુ ઉપર શનિ-રાહુ અને મંગળની ભીંસ વધી જાય છે. રાહુની અંતર્દશા પણ ચાલુ છે તેથી સદર ઉપર ગોટાળા ના સર્જાય તેનું ધ્યાન રાખવું પડશે. ૧ માંથી ૦ બેઠકમાં ઉપર પ્રભુત્વ ભાજપનું રહે. આમ ૧૬મી લોકસભા-૨૦૧૪ ની કુલ ૫૪૩ બેઠકોમાંથી ૩૦૮ બેઠકો ઉપર ભાજપનું વર્ચસ્વ રહે.

આમ સમગ્ર કુંડળીના ગ્રહોનો દશા-મહાદશા અને ગોચર ગ્રહો સાથે સમન્વય કરતા વડાપ્રધાન પદ માટે અંતમાં એટલું જ કે ન.મો. માટે દિલ્હી દૂ નથી. તા. ૧૯૦૬/૨૦૧૪ પછીનો કર્કનો ઉચ્ચનો ગુરૂ ભાગ્યોદય કરાવે, ધર્મ પ્રવાસ-વિદેશ પ્રવાસ કરાવે. તા. ૧૯/૦૭/૨૦૧૪ નો સમય ગોચર સૂર્ય - ગુરૂની અંશાત્મક યુતિનો છે જે ન.મો. ને ઉચ્ચ હોદ્દો-પદ, માન-મરતબો અપાવશે.

દિશા	ઉત્તર ભારત	મધ્ય ભારત	દક્ષિણ ભારત	પશ્ચિમ ભારત	પૂર્વ ભારત	નૈરુત્ય	વાયવ્ય	ઈશાન	અગ્નિ	કુલ
બેઠકો	૯૩	૪૦	૧૩૧	૨૭	૮૩	૫૧	૩૮	૭૯	૧	૫૪૩
સંભવિત જીતની બેઠકો	૬૩	૨૦	૭૦	૨૩	૪૨	૩૫	૩૦	૨૫	૦	૩૦૮

તીવ્ર મોંઘવારી વચ્ચે મોબાઈલ બિલમાં હવે ટુંકમાં વધારો થશે

નવી દિલ્હી,તા. ૧

તીવ્ર મોંઘવારીનો સામનો કરી રહેલા સામાન્ય લોકોના મોબાઈલ બિલમાં હવે વધારો થાય તેવી શક્યતા છે. કારણ કે દેવામાં ડુબી ગયેલા ટેલિકોમ ઓપરેટર્સ ટુંક સમયમાં સ્થિતીને હળવી કરવા માટે રેટમાં સુધારો કરવાની તૈયારી કરી લીધી છે. ઉંચા ખર્ચની સ્થિતીના કારણે હવે મોબાઈલ ઓપરેટર્સ પાસે વધાર વિકલ્પ નથી. ખર્ચમાં સતત વધારો થઈ રહ્યો છે. દેશના સૌથી મોટાં મોબાઈલ ઓપરેટરર એરટેલે જાહેરાત કરી છે કે તે ટેરિફમાં સુધારો કરવા માટેની પ્રક્રિયામાં છે. બીજી બાજુ નજીકના હરિફ વોડાફોન અને આઈડિયા દ્વારા પણ કહેવામાં આવ્યું છે કે ટેરિફમાં સુધારો કરવા અંગેની હિલચાલ ચાલી રહી છે. આ દિશામાં અન્ય ઓપરેટરો પણ વધી શકે છે. અનિલ અંબાણી દ્વારા ચલાવાતા આરકોમે તાજેતરમાં ટેરિફમાં વધારો કર્યો હતો. ભારતી એરટેલ ઈન્ડિયા અને સાઉથ એશિયાના એમડી અને સીઈઓ ગોપાલ વિટ્ટલે કહ્યુ છે કે વર્તમાન ટેરિફ હવે પોષાય તેવા નથી. કારણ કે મોંઘવારી તેમને પણ નડી રહી છે. અન્ય પ્રકરના ખર્ચ કંપની પર સતત વધી રહ્યા છે. જેથી ટેરિફમાં સુધારો કરવા સિવાય અન્ય કોઈ સારા વિકલ્પ દેખાતા નથી.ભારતી એરટેલ પર ૧૦ અબજ ડોલરનુ દેવુ છે. માર્કેટ લીડર દ્વારા કોઈ વધારો કરવાની સ્થિતીમાં અન્ય ઓપરેટરો આ દિશામાં આગળ વધી શકે છે. હેડલાઈન ટેરિફમાં કોઈ ફેરફાર કરવામાં આવી શકે છે કે કેમ તે અંગે પુછવામાં ાવતા જાણકાર અધિકારીઓએ કહ્યું છે કે તમામ પાસા પર વિચારણા કરવામાં આવ્યા બાદ આગળ વધવામાં આવશે. ટેરિફમાં વધારો કરવા માટે કેટલાક કારણો રહેલા છે. જેમ કે સ્પેક્ટ્રમ હરાજી અને હાઈ પ્રાઈઝની ચુકવમી ઓપ ઓપરેટર્સ દ્વારા કરવામાં આવી હતી.

ધ કોફી હાઉસ (પાના નં. ૪ નું ચાલુ)

એક સામુહિક ભ્રમણા કે કોમન ઈલ્યુઝને એક રીયાલીટીનું સ્વરૂપ લઈ લીધું છે..! કોમન ઈલ્યુઝન ની મજા એ છે કે જે નથી એના માં બધા શ્રદ્ધા સાથે શંકા વિના માને છે... હવે કોઈ એક સમૂહમાં માન્યતા સામે કોઈ પ્રશ્નકર્તા જ નહિ હોય તો એ બંધ બેસતી વાત નિર્વિરોધ સ્વીકારાઈ જશે... અને કદાચ સિનેમા સ્ક્રીન પરથી આંખોના અને છેવટે મગજની સ્ક્રીન પર પડતા પ્રોજેક્શન માં આ જ ઘટના દોહરાવાઈ છે...

વેલ...સેલ્ફી...આપણી જાત પ્રત્યે ના પ્રેમ ને દર્શાવતું એક મજબુત પ્રતિક છે પણ આત્મ પ્રેમ આત્મશ્લાગાની કક્ષાએ ના પહોચી જાય તેનું સતત ધ્યાન રહે એ જરૂરી છે... કેમ કે સેલ્ફ ઓબ્સેશન અંતે તો એક ઘાતક મનોવૃતિ જ છે ...એટલે જ ઈશુના શબ્દો યાદ રાખીએ... લવ ધાય નેબર...

પોતાના પડોશીઓને પણ પોતાના જેટલો જ પ્રેમ કરો...

- Ch9723367947@yahoo.com